# રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા - મેલેરિયા વિભાગ

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ

ડૉ. આંબેડકરભવન રૂમ નં. ૬, ત્રીજો માળ, બસ સ્ટેન્ડની પાસે,
ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૨.

: 0281 - 2237062 | : biologist_rmc@yahoo.in | Like us on Facebook : /malaria.department

તા.૩૦/૦૯/૨૦૨૨

પ્રતિ,

તંત્રીશ્રી

**અખબાર યાદી**

| ડેન્ગ્યુ રોગચાળા અટકાયતિ માટે આરોગ્ય શાખા દ્વારા સઘન ઝુંબેશ | |
|---|---|
| આજ રોજ તા.૩૦/૦૯/૨૦૨૨ ના રોજ હોટલ, બાંધકામ સાઇટ સહિત ૯૪ પ્રિમાઇસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ | હોટલ, બાંધકામ સાઇટ સહિત ૨૧ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા ૨૨ આસામીઓને મચ્છર ઉત્પતિ સબબ રૂા.૧૯,૮૦૦/- નો વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો |

દર વર્ષે વરસાદની સિઝન દરમિયાન ડેન્ગ્યુ, મેલેરિયાના કેસ જોવા મળે છે. મચ્છર પ્રમાણમાં હૂંફાળા અને ભેજ વાળા વાતાવરણમાં ઝડપથી ફેલાવો કરે છે. વરસાદની સિઝનમાં આવું વાતાવરણ લાંબા સમય સુધી રહેતું હોવાથી ડેન્ગ્યુ, મેલેરિયા કેસો જોવા મળે છે. સામાન્ય રીતે વરસાદ બાદ ૧૪ થી ૨૦ દિવસ બાદ ડેન્ગ્યુ રોગનો ફેલાવો ચાલુ થાય છે. આથી ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે લોકોએ સ્વયંજાગૃત રહી ઘરની સફાઈ કરવી જોઈએ.

વરસાદના વિરામ બાદ સ્થિર અને બંધિયાર ચોખ્ખા પાણીમાં એડિસ મચ્છર ઈંડા મુકે છે. આ ઈંડામાંથી પ્રથમ પોરા ત્યાર બાદ પ્યુપા તથા પુખ્ત મચ્છર બને છે. આમ ઈંડામાંથી પુખ્ત મચ્છર બનતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગે છે. મચ્છરનું જીવનચક્ર ટુંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ ઘણી વધી જાય છે.

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણાશે. જેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

આ કામગીરી સબબ તા.૩૦/૦૯/૨૦૨૨ ના રોજ હોટલ, બાંધકામ સહિતની પ્રિમાઇસીસોમાં મચ્છર ઉત્પતિ સબબ ચેકીંગ કામગીરી કરવામાં આવેલ. આ કામગીરી હેઠળ નીચે જણાવેલ પ્રિમાઇસીસમાં મચ્છરના પોરા મળી આવતા અથવા મચ્છર ઉત્પતિ થાય તેવી બેદરકારી જોવા મળતા નોટીસ આપવાની / વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ.

| | |
|---|---|
| ગૌરવ મોટર્સ એન્ડ સર્વીસ, રોલેક્ષ રોડ, સરદાર રોડ | પારસ ચાઇનીઝ પંજાબી, કોઠારીયા મેઇન રોડ |
| શ્રીજી ગેરજ, રોલેક્ષ રોડ, સરદાર રોડ | ક્રિષ્ના આઇસ્ક્રીમ, કોઠારીયા મેઇન રોડ |
| પર્વ રેસ્ટોરેન્ટ, રોલેક્ષ રોડ, સરદાર રોડ | ચા ની કેબીન, કોઠારીયા મેઇન રોડ |
| શ્રી બાલાજી દાળ - પકવાન, રોલેક્ષ રોડ, સરદાર રોડ | ટાઇલ્સ એન્ટ સેનેટરી વોર્સ, કોઠારીયા મેઇન રોડ |
| પવિત્ર હાઇટસ, રોલેક્ષ રોડ, સરદાર રોડ | સીતારામ ફરસાણ અને સ્વીટ, , કોઠારીયા મેઇન રોડ |
| સુરભી પોસીબલ એપાર્ટમેન્ટ, રોલેક્ષ રોડ, સરદાર રોડ | શિવકૃપા ટાર્યસ અને એલાઇયમેન્ટ |
| કનૈયા સ્ક્રેપ, કોઠારીયા મેઇન રોડ | રેડચીલી રેસ્ટોરેન્ટ |
| ક્રિષ્ના ડેરી, કોઠારીયા મેઇન રોડ | શ્યામ કિરણ સેનેટરી, કોઠારીયા મેઇન રોડ |

મુકેશ મશીન ટુલ્સ, કોઠારીયા મેઇન રોડ

સંજયભાઇ વેફરવાળા

એકવાફ્રેશ વોટર, કોઠારીયા બ્રહમાણી હોલ

બાલાજી સિમેન્ટ પ્રોડકટ, કોઠારીયા બ્રહમાણી હોલ

ઉમેશભાઇ સિમેન્ટ્ર પ્રોડકટ, કોઠારીયા બ્રહમાણી હોલ

કરણભાઇ કમાણી સિમેન્ટ્ર પ્રોડકટ, કોઠારીયા બ્રહમાણી હોલ

ગુલમહેક એવન્યુ, સરદાર ચોક, કોઠારીયા ૮૦ ફુટ રોડ

ન્યુ બાંધકામ સાઇટ, ગોવિંદ સોસાસાયટી

સગુન એવન્યુ, રોલેક્ષ ૮૦ ફુટ રોડ

ઓમકાર સ્કુલ, રોલેક્ષ ૮૦ ફુટ રોડ

ફેમસ ઢોસા, ૮૦ ફુટ રોડ

ઇશ્વર હાઇટસ, ન્યુ સ્વાતી પાર્ક મેઇન રોડ

ન્યુ બાંધકામ સાઇટ, ન્યુ સ્વાતી પાર્ક મેઇન રોડ

ન્યુ બાંધકામ સાઇટ, જીત ઇન્ડસ્ટ્રીઝ,

ન્યુ બાંધકામ સાઇટ, જીત ઇન્ડસ્ટ્રીઝ,

જ્ઞાનદિપ વિદ્યાલય, કોઠારીયા મેઇન રોડ

અન્નપુર્ણા ફાસ્ટફુડ, કોઠારીયા મેઇન રોડ

ખોડીયાર મોટર્સ, કોઠારીયા મેઇન રોડ

તાલુકા શાળા બાંધકામ સાઇટ, કોઠારીયા મેઇન રોડ

મા શકિત ટી. - સ્ટોલ, કોઠારીયા મેઇન રોડ

ન્યુ બાંધકામ સાઇટ, કોઠારીયા મેઇન રોડ

ન્યુ બાંધકામ સાઇટ, કોઠારીયા મેઇન રોડ

ન્યુ બાંધકામ સાઇટ, કોઠારીયા મેઇન રોડ

આસોપાવલ વાટીકા, કોઠારીયા મેઇન રોડ

ગોકુલ રેસ્ટોરેન્ટ, કોઠારીયા મેઇન રોડ

ધનલક્ષ્મી પેટ્રોલ પંપ, કોઠારીયા મેઇન રોડ

ન્યુ બાંધકામ સાઇટ, કોઠારીયા મેઇન રોડ

ઘરોમાં મચ્છરના પોરા થતા અટકાવવા આટલું જરૂર કરીએ ...

- છત પર કે તેની આસપાસ પડેલા ભંગાર, ટાયર, ડબ્બા ડુબલી વગેરેનો તાકીદે નિકાલ કરીએ.
- અગાસી કે છજ્જામાં ભરાયેલ વરસાદી પાણીનો નિકાલ કરીએ.
- સિમેન્ટની ટાંકી, બેરલ, કેરબાને હવાચુસ્ત ઢાંકીને રાખીએ તથા દર અઠવાડીયે ઘસીને સાફ કરવું.
- હવાચુસ્ત ઢાંકી ન શકાય તેવા ટાંકા – ટાંકીમાં અઠવાડીયે નિયમીત કેરોસીન નાખવું.
- ગાયની કુંડી તથા પક્ષીકુંજ ભરવાનું ટાળવું અથવા નિયમિત રાત્રે ખાલી કરીને ઊંધું વાળી દેવા, સવારે ફરીથી નવું પાણી ભરવું.
- ફ્રીજ પાછળની ટ્રે સપ્તાહમાં બે વખત સાફ કરીએ.
- ટાંકા, ટાંકી, માટલા વગેરે અઠવાડિયામાં બે વખત ઘસીને સાફ કરી, સૂકવીને ફરીથી ઉપયોગમાં લઇએ.
- નળ ગયા બાદ પાણી ભરવાની કુંડીને સુકા કપડાથી સાફ કરવી.
- પાણીમાં મચ્છરના લારવા દેખાય તો તુરંત નાશ કરવો.

વાહકજન્ય રોગોનો ફેલાવો અટકાવવા માટે આરોગ્ય તંત્રના ઘનિષ્ઠ પ્રયત્નોને ત્યારે જ સફળતા મળે કે જ્યારે પ્રજાજનો સહકાર આપે. લોકોની સુખાકારી એ આરોગ્ય તંત્ર ની જવાબદારી છે, પરંતુ સહકાર મળવો એ અનિવાર્ય છે. લોકસહકાર મળે તો જ ડેન્ગ્યુ નિયંત્રણ અને અટકાયતની કામગીરી ખૂબ જ સરળ રીતે થઇ શકે.

આરોગ્ય અધિકારી
રાજકોટ મહાનગરપાલિકા